# ❀ Know Pathshala ❀

શું છે પાઠશાળા ?
શા માટે પાઠશાળા ?
શું તમને ખબર છે ?
કેમ છે પાઠશાળા ?॥ ૧॥

આ છે જ્ઞાનશાળા,
સુસંસ્કારોની શાળા,
ઘર ઘરથી વિદાય થાશે,
ઝગડાઓના જાળા ॥ ૨॥

જાશે કજિયા કાળા,
ગુસ્સાને લાગશે તાળા,
જલ્દી જલ્દી ફળશે,
મા-બાપના મનના માળા॥ ૩॥

ઉપેક્ષા કરવા વાળા,
જ્યારે જોશે ચાળા,
બે ય આંખે વહેશે,
ત્યારે આંસુના નાળા ॥ ૪॥

નથી ફંડ કે આ ફાળા,
આ તો પાણી પહેલા પાળા,
આ છે તમારા વ્હાલા,
સંતાનોના રખવાળા ॥ ૫॥

પ્રણામ,

સંતાનોના અને આપશ્રીના જીવનનું આનંદ-મંગલ પાઠશાળાથી જ થશે. સ્કૂલ, ટ્યુશન, કલાસ કે બીજી એક્ટીવીટીથી નહીં થાય. શ્રીસંઘની પાઠશાળા ખૂબ જ સરસ ચાલી રહી છે. પુષ્કળ પુણ્યાત્માઓ પધારી રહ્યા છે. આપશ્રી પણ પધારો, આપશ્રીના સંતાનોને પણ જરૂર લાવો. આજના ઝેરી વાતાવરણમાં બાળકોને સંસ્કારોની વેક્સીન મળી જશે. તો એમનું જીવન અને તમારૂં ઘડપણ દુઃખમય થતું બચી જશે.

પધારો, આપ સૌનું હાર્દિક સ્વાગત છે.